## || ૐ શ્રી સાઈરામ ||
## || ૐ શ્રી સાઈ સાધુમાનસશોભિતાય નમ: || (૯૪)
## સાધકોનું અંતઃકરણ તેજોમય, પ્રકાશમાન કરવાવાળા
## શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ભગવાન બાબાને વિશ્વની પ્રત્યેક વ્યક્તિના સ્વભાવના ગુણોની વિશેષ ખબર હોય છે તેથી આવી વ્યક્તિ જ્યારે તેમના સંપર્કમાં આવે છે ત્યારે ભગવાન બાબા તે વ્યક્તિના સારા ગુણો ઓળખીને તેમનું અંતઃકરણ તેજોમય કરીને તેમનો ઉદ્ધાર કરે છે.

ઈ.સ. ૧૯૬૨ માં થી. માધવ દીક્ષિત, એ મેંગલોરમાં રહેતા સાઈભક્ત ડૉ. ગઢિયાના સંપર્કમાં આવ્યા. સ્વામી શિરડીસાઈના પુનરાવતાર છે.એમ સાંભળીને શ્રી માધવ દીક્ષિત ડૉ.. ગઢિયા સાથે પુટ્ટપતિ ગયા. તેમનું મન સ્વામી એ, શિરડી સાઈબાબાનો પુનરાવતાર છે એવું માનવા માટે તૈયાર નહોતું, પરંતુ સ્વામીએ પોતાના ગત (પાછલા ) અવતારની માધવ દીક્ષિત સાથેની ઘટના એટલી સુસંબદ્ધ રીતે કહી કે તેમણે સ્વામીના ચરણ પકડયા.

ત્યાર બાદ અચાનક સ્વામીએ ડૉ. ગઢિયાને કહ્યું-"તું આમને દરરોજ મધુમેહનું ઇંજેક્શન (ઇસ્યુલિન) આપે છે ને?' ' ત્યારે ડૉ. ગઢિયા બોલ્યા ' હા સ્વામી, તેમને ઉચ્ચ મધુમેહ હોવાથી તેમને દરરોજ ૪૦ યુનિટ્સનો ડોઝ લેવો પડે છે." ત્યારે સ્વામી બોલ્યા- " આવતીકાલથી આ ઇંજેકશન આપવાનું બંધ કર." અને તેમણે વિભૂતિ ઉદ્ભવ કરી, જે ચોકલેટ જેવા કલરની હતી અને તે પોતાની સામે જ સેવન કરવા માટે શ્રી દીક્ષિતને તેમણે કહ્યું. આ જોઈને ડૉ. ગઢિયા ગભરાયા કારણ કે માધવ દીક્ષિતને તે પોતાની સાથે લાવ્યા હતા અને હવે ઈસ્યુલિન બંધ કરીને સ્વામી તેમને સ્વર્ગમાં તો નહીં મોકલે ને? એવી બીક તેમને લાગવા માંડી.

તેમના આ વિચાર જાણીને સ્વામી બોલ્યા-"ગઢિયા તું ગભરાઈશ નહીં. દીક્ષિતનો અંત સમય સમીપ આવ્યો હતો, પરંતુ સ્વામીએ તેનું આયુષ્ય ૮ વર્ષ વધાર્યું છે. આ ૮ વર્ષ વધારવાનું કારણ એટલે તેમણે મારી સાથે શિરડીમાં વ્યતિત કરેલા ૮ વર્ષ છે. હવે તે તેને મન ગમતી (ભાવતી) કોઈ પણ મીઠી વસ્તુ જોઈએ તેટલી ખાઈ શકે છે. "

એક અઠવાડિયા પછી માધવ દીક્ષિતની બ્લડ શુગર તપાસતા તે સામાન્ય માણસના બ્લડ શુગર જેટલી જ હતી. ત્યાર પછી સ્વામીએ માધવ દીક્ષિતને પૂછ્યું –" આ શેષ રહેલાં આઠ વર્ષમાં તને શું કરવાનું મન છે? " ત્યારે દીક્ષિત બોલ્યા-" મને તમારો દ્વારપાલ બનવાનું ગમશે. " અને સ્વામીએ

તેમને વૃંદાવન આશ્રમની દેખરેખ કરવાનું કામ સોંપ્યું જ્યાં તે આશ્રમના દરવાજાની સામેના ઘરમાં બરાબર ૮ વર્ષ રહ્યા અને ત્યાર બાદ જે સાઈએ તેમનું અંતઃકરણ તેજોમય બનાવ્યું હતું, તે સાઈમાં તેઓ વિલીન થયા.

|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||